# દિલીપ કુમારને કઈ વાતનો હતો પસ્તાવો?



આજના યુથ અને બોલિવૂડ લવર્સ માટે એક મસ્ત, મસાલેદાર અને ઈન્ટેન્સ સ્ટોરી લઈને આવ્યા છીએ! જો તમે બોલિવૂડના ગોલ્ડન એરા અને ક્લાસિક સિનેમાના ફેન છો, તો આ કિસ્સો સાંભળીને તમે પણ કહેશો અરે ભાઈ, આ શું થઈ ગયું!

બોલિવૂડમાં ક્યારેક એક 'ના' આખી ફિલ્મની કિસ્મત બદલી નાખે છે અને ક્યારેક તો એ 'ના' બોલનાર સ્ટારને જ વર્ષો પછી વિચારવા મજબૂર કરી દે છે "યાર, આ ફિલ્મ કરી હોત તો?" દિલીપ કુમાર સાથે પણ કંઈક આવું જ બન્યું હતું.



ભારત ભૂષણ

વાત છે 1952માં આવેલી ફિલ્મ 'બૈજુ બાવરા'ની. આજે આ ફિલ્મને ભારતીય સિનેમાની ક્લાસિક ફિલ્મોમાં

**દિલીપ સાહેબે ફિલ્મ છોડી દીધી અને પછી જ્યારે બૈજુ બાવરા સુપરહિટ બની, ત્યારે આ 'ના' જ તેમની યાદગાર ભૂલોમાં સામેલ થઈ ગઈ!**

ગણવામાં આવે છે, પરંતુ જ્યારે ફિલ્મ બનાવવાની તૈયારી થઈ રહી હતી ત્યારે તેની સ્ટારકાસ્ટ બાબતે સૌથી પહેલાં જે નામ સામે આવ્યું હતું, તે હતું દિલીપ કુમાર!

વિજય ભટ્ટની આ ફિલ્મમાં સંગીત, શાસ્ત્રીય ગાયકી અને એક સંગીતકારની જુસ્સાભરી કહાનીને કેન્દ્રમાં રાખવામાં આવી હતી. પરંતુ તે સમયના માહોલમાં આવી ફિલ્મને લઈને બધાને જબરદસ્ત વિશ્વાસ હતો એવું નહોતું. ખાસ કરીને શાસ્ત્રીય સંગીત પર આધારિત ફિલ્મ સામાન્ય દર્શકોને કેટલી પસંદ પડશે એ મોટો સવાલ હતો.

1950ના દાયકામાં દિલીપ કુમાર સ્ટારડમના શિખર પર હતા. ડાયરેક્ટર વિજય ભટ્ટ જ્યારે 'બૈજુ બાવરા'ની સ્ક્રિપ્ટ લઈને દિલીપ કુમાર પાસે ગયા, ત્યારે દિલીપ સાહેબનો ગ્રાફ અને સ્વેગ અલગ જ લેવલ પર હતો, પણ કહેવાય છે ને કે ક્યારેક મોટો નિર્ણય જ બોલિવૂડમાં રમત બદલી નાખે છે!

દિલીપ કુમારે કેટલીક શરતો કે પર્સનલ રીઝન્સના લીધે આ ફિલ્મ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી. કેટલાક અન્ય અહેવાલોમાં તારીખો અને અન્ય વ્યવહારિક કારણોની પણ ચર્ચા જોવા મળે છે, એટલે ચોક્કસ કારણ અંગે અલગ-અલગ વર્ઝન મળે છે, પણ ફિલ્મ અટકી નહીં. તે સમયે કોઈને ખબર નહોતી કે આ ના પાડવી એક નોર્મલ રિજેક્શન નથી, પણ એક મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થવાનો છે!

અહીંથી શરૂ થાય છે અસલી ટ્વિસ્ટ! દિલીપ કુમારની જગ્યાએ ભારત ભૂષણ આવ્યા, જ્યારે મીના કુમારીએ ગૌરીની ભૂમિકા ભજવી. ખાસ વાત એ કે મીના કુમારી માટે આ ફિલ્મ કારકિર્દીનો મોટો ટર્નિંગ પોઈન્ટ બની. ફિલ્મે તેમને પહેલી Filmfare જીત અપાવી. આજના સમયમાં વિચારીએ તો કોઈ મોટો સ્ટાર ફિલ્મમાંથી નીકળી જાય એટલે સોશિયલ મીડિયા પર »FilmInTrouble ટ્રેન્ડ થઈ જાય! પરંતુ 1952માં સોશિયલ મીડિયા નહોતું અને 'બૈજુ બાવરા'ને તેની પોતાની કળા પર વિશ્વાસ હતો.

મુવિયાના

સંગીતકાર નૌશાદ અને ગીતકાર શકીલ બદાયૂનીની જોડી હતી. શાસ્ત્રીય સંગીતને એવી રીતે રજૂ કરવામાં આવ્યું કે ભારે-ભરખમ લાગવાને બદલે તે સામાન્ય દર્શકોના દિલ સુધી પહોંચી ગયું.




ફિલ્મના ગીતોએ તેની લોકપ્રિયતામાં મોટો ફાળો આપ્યો.

'તૂ ગંગા કી મૌજ, મૈં જમુના કા ધારા' જેવા ગીતો આજે પણ હિન્દી ફિલ્મ સંગીતની ચર્ચામાં જીવંત છે અને પછી જે થયું એ તો જાણે ફિલ્મી સ્ક્રિપ્ટનો ક્લાઈમેક્સ!

જે ફિલ્મને લઈને શરૂઆતમાં જોખમ લાગતું હતું, એ જ ફિલ્મ સફળતાની મજબૂત મિસાલ બની ગઈ.

વર્ષો બાદ જ્યારે દિલીપ કુમારને પૂછવામાં આવ્યું કે એવી કઈ ફિલ્મો હતી જે તેમણે ઠુકરાવી દીધી અને પછી તેનો અફસોસ થયો, ત્યારે 'બૈજુ બાવરા'નું નામ સામે આવ્યું.

2025માં જાવેદ અખ્તરે એક વાતચીત દરમિયાન યાદ કર્યું હતું કે દિલીપ કુમારે એવી ત્રણ ફિલ્મોના નામ લીધા હતા જેને તેઓ પાછળથી ન કરી શકવાનો અફસોસ કરતા હતા 'બૈજુ બાવરા', 'પ્યાસા' અને 'લૉરેન્સ ઑફ અરેબિયા'.

અહીંથી એક વાત તો ક્લિયર છે કે દિલીપ કુમાર જેવા એક્ટર પણ પોતાની કારકિર્દીના કેટલાક નિર્ણયો પાછળથી ફરીને જોતા હતા. 'બૈજુ બાવરા'ની કહાની આપણને બોલિવૂડનો એક જૂનો પરંતુ Evergreen નિયમ યાદ અપાવે છે સ્ટાર ફિલ્મને મોટું બનાવી શકે છે, પરંતુ સારી ફિલ્મ ક્યારેક સ્ટાર વિના પણ સ્ટાર બની જાય છે. દિલીપ કુમાર ફિલ્મમાં હોત તો કદાચ 'બૈજુ બાવરા'નો ચહેરો અલગ હોત. કદાચ ભારત ભૂષણનું નામ આજે જે રીતે આ ફિલ્મ સાથે જોડાય છે એ રીતે ન જોડાત. કદાચ મીના કુમારીની કારકિર્દીનો આ અધ્યાય પણ જુદો હોત, પણ સિનેમામાં 'કદાચ'નું કોઈ બોક્સ ઓફિસ કલેક્શન હોતું નથી!

આજે પાછળ વળીને જોતા લાગે છે કે ક્યારેક એક સ્ટારનો 'ના' પણ બીજા કલાકારના 'હા' માટે દરવાજો ખોલી દે છે અને કદાચ આ જ તો બોલિવૂડની સૌથી મજેદાર વાત છે અહીં રિજેક્ટ થયેલી ફિલ્મ પણ ક્યારેક લેજન્ડ બની જાય છે!



# હોસ્પિટલના બેડ પર બનેલું ગીત દેવઆનંદને કેમ ન ગમ્યું!

બોલિવૂડની હિસ્ટ્રી પણ કંઈ ઓછી ડ્રામેટિક નથી! ઘણીવાર જે ગીત આપણા પ્લેલિસ્ટમાં ટોપ પર હોય છે કે રીલ્સમાં વાયરલ થતું હોય છે, એની પાછળ એક જબરદસ્ત 'બિહાઈન્ડ ધ સીન્સ' ડ્રામા



**જે ગીત વગર આજે બોલિવૂડનો ઇતિહાસ અધૂરો લાગે છે, તેને એક સમયે ફિલ્મમાંથી ડ્રોપ કરી દેવાની પૂરેપૂરી તૈયારી થઈ ગઈ હતી!**

છુપાયેલો હોય છે. 1965ની સુપરહિટ અને કલ્ટ ક્લાસિક ફિલ્મ 'ગાઈડ'નું ઓલ-ટાઈમ ફેવરિટ સોન્ગ 'આજ ફિર જીને કી તમન્ના હૈ' આજે પણ બધાનું ઓલ-ટાઈમ વાઈબ છે, પણ શું તમને ખબર છે? જે ગીત વગર આજે બોલિવૂડનો ઈતિહાસ અધૂરો લાગે છે, તેને એક સમયે ફિલ્મમાંથી ડ્રોપ કરી દેવાની પૂરેપૂરી તૈયારી થઈ ગઈ હતી!

ચાલો જાણીએ આ ગીતના બનવાની એકદમ મજેદાર અને રસપ્રદ ઈનસાઈડ સ્ટોરી...

જ્યારે 'ગાઈડ' ફિલ્મનું કામ શરૂ થવાનું હતું, ત્યારે જ લિજેન્ડરી મ્યુઝિક ડિરેક્ટર S.D. બર્મન બહુ જ બીમાર પડ્યા અને તેમને હાર્ટ અટેક આવતા હોસ્પિટલમાં એડમિટ કરવા પડ્યા. ફિલ્મ અટકી ગઈ, પણ દેવાનંદ અને ડાયરેક્ટર વિજય આનંદ હોસ્પિટલ પહોંચ્યા. એમણે બર્મનદાને કહ્યું, સર, તમે સાજા થાઓ ત્યાં સુધી અમે રાહ જોઈશું. મ્યુઝિક તો તમારું જ રહેશે!

આ સાંભળીને બર્મનદા એકદમ ઈમોશનલ થઈ ગયા. બસ પછી તો શું? દોસ્તી અને વિશ્વાસનો એવો પાવર આવ્યો કે એમણે હોસ્પિટલના ખાટલા પર પડ્યા પડ્યા જ ગીતની ધૂન તૈયાર કરી નાખી!

સોન્ગ રેકોર્ડ પણ થઈ ગયું! પણ શૂટિંગના ઠીક પહેલાં પ્રોડ્યુસર અને એવરગ્રીન હીરો દેવાનંદે ડાયરેક્ટર ગોલ્ડીને સીધું જ કહી દીધું, યાર, મને આ મ્યુઝિકમાં મજા નથી આવતી. આ ગીત કાં તો કાઢી નાખો, કાં તો કોઈ બીજા પાસે નવેસરથી કમ્પોઝ કરાવો.

ટ્વિસ્ટ તો એ હતો કે ખુદ લતા મંગેશકરને પણ શરૂઆતમાં આ ગીત કંઈ ખાસ નહોતું લાગ્યું! પરંતુ વિજય આનંદને આ ગીતના વાઈબ્સ પર 100% વિશ્વાસ હતો. એમણે દેવ સાહેબને મનાવતા કહ્યું, બસ એક વાર શૂટ કરવા દો! જો એડિટિંગ ટેબલ પર પણ ન ગમે, તો ગીત હટાવી દેશું, પ્રોમિસ!

વિજય આનંદે સિચ્યુએશન સમજાવી હતી કે ગીતમાં હીરોઈન (વહીદા રહેમાન) પોતાના જૂના બોજ અને ઘૂંટણભર્યા જીવનમાંથી મુક્ત થઈને ફરી પોતાના પગમાં ઘૂંઘરૂ બાંધે છે. આ ગીત તેની આઝાદીની ઉજવણી છે.

બર્મનદાએ મસ્ત લાઈન બનાવી આપી. 'આજ ફિર જીને કી તમન્ના હૈ, આજ ફિર મરને કા ઈરાદા હૈ...'

હવે અસલી કન્ફ્યુઝન શરૂ થયું! ગીતકાર શૈલેન્દ્ર મૂંઝાયા કે ભાઈ, એક જ સાથે જીવવાની ઈચ્છા અને મરવાનો ઈરાદો કેવી રીતે હોઈ શકે? કેટલાય દિવસો સુધી ગીત આગળ જ ન વધ્યું. ત્યારે ગોલ્ડીએ શૈલેન્દ્રને મસ્ત કન્સેપ્ટ સમજાવ્યો: અરે, જૂની જિંદગી છોડીને આઝાદીથી જીવવાનો હરખ છે અને દુનિયાના નિયમો તોડીને મરી જવાનો વટ છે!

બસ, આ પોઈન્ટ પકડાતા જ શૈલેન્દ્રના મોંમાંથી આઈકોનિક લાઈન્સ નીકળી ગઈ, 'કાંટોં સે ખીંચ કે યે આંચલ, તોડ કે બંધન બાંધી પાયલ...'

મ્યુઝિક મોમેન્ટ

છેવટે દેવ સાહેબ માન્યા અને રાજસ્થાનના ભવ્ય ચિત્તોડગઢ કિલ્લામાં શૂટિંગ શરૂ થયું. વિજય આનંદની માસ્ટરક્લાસ કેમેરા ફ્રેમિંગ અને વહીદા રહેમાનના અનમેચેબલ ગ્રેસ અને ડાન્સ મૂવ્સે પડદા પર જાદુ કરી દીધો. જ્યારે ફિલ્મ થિયેટરમાં આવી, ત્યારે લોકો આ ગીત પર ઝૂમી ઉઠ્યા!

આ ગીતનો ક્રેઝ એટલો નેક્સ્ટ લેવલ હતો કે 1983માં આવેલી ફિલ્મ 'કયામત'માં S.D. બર્મનના દીકરા R.D. બર્મને આ ગીત રી-ક્રિએટ કર્યું! અને સ્મિતા પાટીલ તથા જયા પ્રદા જેવી ટોપની એક્ટ્રિસીસ પણ આ મેજિકલ ટ્રેક પર સ્ક્રીન ગજવી.

જે ગીતને ખુદ પ્રોડ્યુસર-હીરો ડિલીટ કરવા માગતા હતા, તે ગીત આગળ જઈને ઈન્ડિયન સિનેમાનું 'ઓલ-ટાઈમ ચાર્ટબસ્ટર' એન્થમ બની ગયું!



# કેટી પેરી દિવસમાં 6 વાર બ્રશ કરે છે!

કલાકાર જેટલા ફેમસ હોય એટલા જ તેમના શોખ કે આદત અજીબો ગરીબ હોય છે, એવી જ અતરંગી આદત પોપ સ્ટાર કેટી પેરીની છે. કેટી પેરી તેના ધમાકેદાર મ્યુઝિક અને યુનિક ફેશન સેન્સ માટે દુનિયાભરમાં જાણીતી છે. પરંતુ, શું તમે જાણો છો કે આ ગ્લોબલ ગાયિકાને એક એવી આદત છે જે સાંભળીને કોઈ પણ દંગ રહી જાય? 'પાર્ટ ઓફ મી' ફેમ 27 વર્ષીય કેટી પેરીને દાંત સાફ કરવાનો એવો ક્રેઝ છે કે તે દિવસમાં એક કે બે વાર નહીં, પરંતુ આખા દિવસમાં 6 વખત બ્રશ કરે છે!

કેટી પેરી માટે બ્રશ કરવું એ માત્ર એક સવારની દિનચર્યા નથી પણ એક મિશન છે, કેટી પોતાની સાથે હંમેશા 20 નવા બ્રશ તૈયાર રાખે છે! હવે સવાલ એ થાય કે આટલી મોટી સેલિબ્રિટીને આટલી બધી વાર દાંત સાફ કરવાની જરૂર કેમ પડે છે? આ વિચિત્ર અને મજેદાર આદત પાછળનું પહેલું મોટું કારણ છે - કેવિટીઝનો ડર. બાળપણનો એક કડવો અનુભવ આજે પણ તેને ડરાવે છે. નાની હતી ત્યારે કેટીના દાંતમાં એક કે બે નહીં પણ આખી 13 કેવિટીઝ થઈ ગઈ હતી! દાંતના આ સડા અને તેના ઈલાજ માટે ફિલિંગ્સ કરાવવાના ડરે તેને દાંતની સ્વચ્છતા માટે અતિશય સતર્ક બનાવી દીધી છે. દાંતમાં ફરીથી ફિલિંગ ન કરાવવું પડે તે માટે તે દિવસમાં 6 વાર બ્રશ કરવા તૈયાર રહે છે. બીજું રસપ્રદ કારણ છે - બ્રિટની સ્પિયર્સ. કેટી પેરીએ યુટ્યુબને આપેલા એક ઈન્ટરવ્યુમાં પોતે સ્વીકાર્યું હતું કે તેની આ ઓબ્સેસન પાછળ બ્રિટની સ્પિયર્સની સ્માઈલ પ્રેરણારૂપ હતી. કેટીએ કહ્યું હતું, હું અવારનવાર મારા દાંત સાફ કરતી રહું છું. મને મારા દાંત બ્રિટની સ્પિયર્સ જેવા એકદમ સફેદ ચમકદાર જોઈતા હતા. નાનપણમાં જ્યારે હું બ્રિટનીના મ્યુઝિક વિડિયોઝ જોતી ત્યારે વિચારતી કે તે એવું તો શું કરતી હશે? શું તે દર વખતે નવા જ દાંત નંખાવે છે? તેના દાંત આટલા બધા સફેદ કેમ છે! હાલમાં જ રસેલ બ્રાન્ડ સાથેના 14 મહિનાના લગ્નજીવનના અંત અને છૂટાછેડા જેવા મુશ્કેલ સમયમાંથી પસાર થયેલી કેટી પોતાના પરફેક્ટ લુક અને સ્માઈલ સાથે કોઈ સમજૂતી કરવા નથી માંગતી. સામાન્ય રીતે લોકો દાંત સાફ કરવાથી ભાગતા હોય છે, ત્યારે કેટી પેરી પોતાની સાથે 20 નવા બ્રશ લઈને ફરે છે. પોપ ડિવિયાના ચમકતા સફેદ દાંત પાછળ માત્ર મોંઘી ટ્રીટમેન્ટ્સ નહીં, પરંતુ આ દિવસમાં 6 વાર બ્રશ કરવાની મજેદાર ઝનૂન પણ જવાબદાર છે!

હોલિવુડ હંગામા

# 'ધી એવેન્જર્સ' ના સેટ પર RDJ બન્યો સ્નેક્સ ચોર?



આપણે MCUના 'આયર્ન મૅન' એટલે કે રોબર્ટ ડાઉની જૂનિયર (RDJ) વિશે વિચારીએ છીએ, ત્યારે મગજમાં એક અત્યંત સ્માર્ટ, સ્ટાઈલિશ અને બિન્દાસ્ત સુપરહીરોની છબી ઊભી થાય છે. પરંતુ શું તમે જાણો છો કે પડદા પર આખી દુનિયાને વિલનોથી બચાવતો આ હીરો, સેટ પર શૂટિંગ દરમિયાન એક 'પ્રોફેશનલ નાસ્તા ચોર' બની જતો હતો? જી હા, 'ધી એવેન્જર્સ'ના શૂટિંગ દરમિયાન રોબર્ટની એક એવી રમૂજી આદત હતી જેણે ફિલ્મના કેટલાક સીન યાદગાર બનાવી દીધા! વાત એમ છે કે, લાંબા શૂટિંગ કલાકો દરમિયાન રોબર્ટ ડાઉની જૂનિયરને વારંવાર ભૂખ લાગતી હતી. હવે સુપરહીરોના ભારેખમ શૂટ પહેરીને વારંવાર વેનિટી વેનમાં જવું તો શક્ય નહોતું. એટલે રોબર્ટે એક અનોખો જુગાડ શોધ્યો. તેણે એવેન્જર્સના વિશાળ અને ભવ્ય સેટના ખૂણે-ખૂણે પોતાના ફેવરિટ સ્નેક્સ છુપાવવાનું શરૂ કરી દીધું! સેટ પરની લેબોરેટરી હોય, કંટ્રોલ રૂમની ડેસ્ક હોય કે પછી સુપરહીરોના હેડક્વાર્ટરનો કોઈ ખૂણો રોબર્ટે દરેક જગ્યાએ ચિપ્સ, બિસ્કિટ અને ફ્રૂટ્સના પેકેટ સંતાડી રાખ્યા હતા. સૌથી મજેદાર વાત એ હતી કે, પ્રોડક્શન ટીમ કે ક્રૂ મેમ્બર્સને પણ ખબર નહોતી હોતી કે રોબર્ટે ક્યાં શું છુપાવ્યું છે. શૂટિંગનો શોટ ચાલુ હોય, કૅમેરા રોલ થઈ રહ્યો હોય અને સીરિયસ ડાયલોગ બોલાઈ રહ્યા હોય... ત્યાં જ અચાનક રોબર્ટ કોઈ ખૂણેથી કે ટેબલ નીચેથી નાસ્તો બહાર કાઢતો અને આરામથી ખાવા લાગતો! ડિરેક્ટર્સ (જૉસ વેડન) અને પ્રોડક્શન ટીમે પહેલાં તો આ શૂટિંગ વચ્ચેથી અટકાવવાનો પ્રયાસ કર્યો, પણ રોબર્ટનો આ અંદાજ એટલો નેચરલ અને રમૂજી હતો કે ડિરેક્ટર્સે 'કટ' બોલવાને બદલે કૅમેરા ચાલુ રાખવાનું જ યોગ્ય માન્યું. પરિણામે, ઘણા બધા અનસ્ક્રિપ્ટેડ સીન શૂટ થઈ ગયા. આનું સૌથી જાણીતું ઉદાહરણ 'ધી એવેન્જર્સ'નો એ આઈકોનિક સીન છે, જ્યાં ટોની સ્ટાર્ક લેબમાં બ્રુસ બેનર અને સ્ટીવ રોજર્સ સાથે વાત કરી રહ્યો હોય છે. સીન દરમિયાન અચાનક રોબર્ટ પોતાના ખિસ્સામાંથી 'બ્લુબેરીઝ'નું પેકેટ કાઢે છે અને પોતે ખાતાં ખાતાં ખૂબ જ સહજતાથી માર્ક રફાલો તરફ હાથ લંબાવીને પૂછે છે, બ્લુબેરી જોઈએ છે? સ્ક્રિપ્ટમાં બ્લુબેરીનો કોઈ ઉલ્લેખ જ નહોતો! માર્ક રફાલો પણ ઘડીભર ચોંકી ગયો હતો, પણ તેણે પણ રોબર્ટની એક્ટિંગ સાથે તાલ મિલાવીને હા પાડી દીધી. રોબર્ટ ડાઉની જૂનિયરની આ રમુજી અને ક્રેઝી આદતે માત્ર સેટ પરનું માહોલ હળવુંફૂલ ન રાખ્યું, પણ ટોની સ્ટાર્કના કેરેક્ટરમાં એક એવો 'બિન્દાસ્ત' અંદાજ ઉમેરી દીધો જેણે ફેન્સના દિલ જીતી લીધા. આખરે, આયર્ન મૅન જ એવો હીરો હોઈ શકે જે દુનિયા બચાવતી વખતે પણ શાંતિથી નાસ્તો કરી શકે!